આણંદ કૃષિ યુનિવર્સિટી

આણંદ ૩૮૮ ૧૧૦

લેબોરેટરી ટેકનીશ્યનના પગાર ધોરણ
રૂા.૪૨૫-૭૦૦નો અમલ કરવા બાબત.

વંચાણે લીધેલઃ- (૧) નાયબ સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ,ગાંધીનગરના ક્રમાંકઃગકવ-૧૦૯૬-એસસીએ-૩૬(પાર્ટ-૨)ક.૨,તા.૩૦/૯/૨૦૧૫.

//તાત્કાલીક/ કોર્ટમેટર-સમય મર્યાદા//

:: પ રિ પ ત્ર ::

આણંદ કૃષિ યુનિવર્સિટીમાં ફરજ બજાવતા લેબોરેટરી ટેકનીશ્યન/લેબો.આસીસ્ટન્ટના પગાર ધોરણ બાબતે નામદાર ગુજરાત હાઇકોર્ટમાં સ્પે.સીવીલ એપ્લીકેશન અને એલ.પી.એ.નં.**૨૧૧૯/૨૦૧૧** ઇન એસ.સી.એ.નં.**૧૦૧૭૨/૧૯૯૬** નો કેસ ચાલતો હતો જેમાં નામદાર હાઇકોર્ટના તા.૪/૦૮/૨૦૧૪ના રોજ આપેલ ચૂકાદા મુજબ તેમજ ઉપરોકત વંચાણે લીધેલ કૃષિ અને સહકાર વિભાગ,ગાંધીનગર તરફથી મળેલ મંજુરી અન્વયે જણાવવાનું કે,આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદ હસ્તકના યુનિટ/ સબ યુનિટ /પેટા કેન્દ્રોની કચેરીઓના વડાશ્રીઓને જણાવવાનું કે,આપના વિભાગોમાં લેબોરેટરી ટેકનીશ્યન/લેબો.આસીસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા/વય નિવૃત્તિ થી નિવૃત્તિ થયેલ/સ્વૈચ્છીક રીતે નિવૃત્તિ લીધેલ/અવસાન પામેલ વિગેરે લેબોરેટરી ટેકનીશ્યન/લેબો.આસીસ્ટન્ટને તેમની મૂળ નિમણૂંક તારીખથી પગાર ધોરણ **રૂા.૪૨૫-૭૦૦** મંજુર કરી ત્યારબાદ **તા.૦૧/૦૧/૧૯૮૬** થી પગાર ધોરણ **રૂા.૧૪૦૦-૨૩૦૦ તેમજ તા.૦૧/૦૧/૧૯૯૬ થી** પગાર **ધોરણ રૂા.૪૫૦૦-૭૦૦૦ મંજુર કરવા અંગેની કાર્યવાહી તાત્કાલીક હાથ ધરવા સંબંધિત કચેરીને આથી જણાવવામાં આવે છે.**

ઉપરોકત પગાર ધોરણમાં **૧૯૮૬,૧૯૯૬** તેમજ **ઉચ્ચત્તર પગાર ધોરણોનું** આંતિરક તેમજ લોકલ ફંડ ઓડીટ કરાવવાનું રહેશે. જે કેસોનું ઓડીટ થઇ ગયેલ હોય તેવા પગાર ધોરણોના હુકમો રદ્દ કરેલ હોય તેને હાઇકોર્ટના ચુકાદા મુજબ પુનઃજીવીત કરવાના હુકમો કરી, તેની નોંધ જે તે કર્મચારીની સેવાપોથીમાં કરવાની રહેશે.

ઉપરોકત પગાર ધોરણ મંજુર કરવાની કાર્યવાહી સંબંધિત કચેરીએ **તાત્કાલીક પૂર્ણ કરી** તેનું ચૂકવણું ચુકાદાની તારીખથી ૩ મહીનાની અંદર કરવાનું રહેશે.

ચૂકવણા બાબતે હિસાબ નિયામકશ્રી,આ.કૃ.યુ.આણંદ પાસેથી લેબોરેટરી ટેકનીશ્યન/લેબો.આસીસ્ટન્ટના પગારધોરણ બાબતે જરુરી ગ્રાન્ટ સંબંધિત કચેરીએ મેળવી **ત્રણ માસ પહેલા ચૂકવણું કરવાનું રહેશે.**

સમય-મર્યાદામાં કાર્યવાહી પુર્ણ કરવા આથી જણાવવામાં આવે છે.સમય-મર્યાદામાં કાર્યવાહી જે તે કચેરીએથી પુર્ણ કરવામાં નહી આવે અને તે બાબતે **કોર્ટ ઓફ કન્ટેમ્પ્ટ થશે તો જે તે કર્મચારી/ અધિકારીશ્રીની અંગત જવાદારી રહેશે. જેની ગંભીરતા પુર્વક નોંધ લઇ સમગ્ર કાર્યવાહી હાથ ધરવા જણાવવામાં આવે છે.**

..૨...

વધુમાં ઉપરોકત પગાર ધોરણ મંજુર થતાં/કાર્યવાહી પુર્ણ કર્યા બાદ જ, ફકત જે તે લેબોરેટરી ટેકનીશ્યન/લેબો.આસીસ્ટન્ટને મળવાપાત્ર થતા ઉચ્ચત્તર પગાર ધોરણોની દરખાસ્તો મંજુર થવા માટે **કુલસચિવશ્રીની કચેરીને મોકલી આપવાની રહેશે.**

પ્રસ્તુત પરિપત્ર માન.કુલપતિશ્રીની સંમતિથી જારી કરવામાં આવે છે. જેનો અમલ તાત્કાલીક અસરથી કરવાનો રહેશે.

કુલસચિવ

જા. નં. આકૃયુ/રજી/એડીએમ-૨.૩/ ૧૧૪૧૨. /૨૦૧૫
તા. ૧૯ /૧૦/૨૦૧૫

નકલ સવિનય રવાના:-

૧. નાયબ સચિવશ્રી,(કૃ.યુ),કૃષિ અને સહકાર વિભાગ,બ્લોક.નં.૫, બીજો માળ, નવાસચિવાલય,ગાંધીનગર
૨. માન.કુલપતિશ્રીના રહસ્યસચિવશ્રી,આણંદ કૃષિ યુનિવર્સિટી,**આણંદ.**
**૩. તમામ** યુનિટ/સબ યુનિટ/પેટા કેન્દ્રીની કચેરીઓના વડાશ્રીઓ તરફ જાણ તથા નિયત સમય-મર્યાદામાં તાત્કાલીક કાર્યવાહી પુર્ણ કરવી.
૪. સંશોધન નિયામકશ્રી/વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી,આણંદ કૃષિ યુનિવર્સિટી,**આણંદ.**
૫. હિસાબ નિયામકશ્રી,આણંદ કૃષિ યુનિવર્સિટી,આણંદતરફ **ઉપરોકત બાબતે નામદાર હાઇકોર્ટ તથા સરકારશ્રીની સૂચના મુજબ** તમામ લેબોરેટરી ટેકનીશ્યન/લેબો.આસીસ્ટન્ટના કેસોમાં સમય મર્યાદામાં **જરૂરી ચૂકવણું કરી અત્રેની કચેરીને ત્રણ માસ પહેલા જાણ કરવાની રહેશે.**

નકલ રવાના:-

૧. કુલસચિવશ્રીના અંગત મદદનીશ,આણંદ કૃષિ યુનિવર્સિટી,**આણંદ.**
૨. હિસાબી અધિકારીશ્રી **(પી.એફ/પેન્શન/કેશ)**,આણંદ કૃષિ યુનિવર્સિટી,**આણંદ.**
૩ આ વિભાગની ખાનગી-કાયદા શાખા તરફ જાણ સારૂ.
૪. આ વિભાગની સંકલન/પરીક્ષા/એકેડેમીક/એડીએમ.૩/જમીન રેકોર્ડ શાખા તરફ.
૫ સામાન્ય હુકમ ફાઇલ.